: મારે પણ
: જો તું

૩. 'રંગારો કોણ ?' વાર્તામાંથી નીચે કોષ્ટકમાં આપેલી બાબતો શોધીને લખો :

| રમવાની વસ્તુઓ | જગ્યાઓ | ક્રિયાઓ | માણસોનાં નામ | તમને ગમતા શબ્દો | તમને અર્થ ખબર ન હોય તેવા શબ્દો |
|---|---|---|---|---|---|
| પતંગ | સ્કૂલ | બૂમ પાડવી | પૉલમાસી | વિદ્યાર્થીઓ જાતે લખશે. | વિદ્યાર્થીઓ જાતે લખશે. |
| લખોટીઓ | વરંડો | રમવું | ટૉમ સૉયર | | |
| ચાવી | ઘર | આરામ કરવો | બૅન | | |
| પટ્ટો | ઝાડનો છાંયડો | વિચારવું | બિલી | | |
| તૂટેલા ચપ્પુનો હાથો | દીવાલ | આંખો ચોળવી | જૉની | | |
| રમકડાનો સિપાહી | | દાઝ ચઢવી | | | |
| તાળા વિનાની ચાવી | | રંગવું | | | |
| | | કામ કરવું | | | |
| | | આંખ મિચકારવી | | | |
| | | જોવું | | | |
| | | રસ પડવો | | | |
| | | બેસવું | | | |
| | | ગુસ્સો કરવો | | | |
| | | સમ આપવા | | | |
| | | કૂદવું | | | |

૪. **આપેલા શબ્દોનો સાચો અર્થ ✓ કરો :**

(૧) આફત : **મુશ્કેલી** / અકસ્માત / લડાઈ
(૨) મોઢામાં પાણી આવી જવું : મોઢું પલળી જવું / **ખાવાનું મન થઈ જવું** / પાણીથી મોં ધોવું
(૩) સ્મિત કરવું : **સહેજ મોં મલકાવવું** / આંખમાં પાણી આવી જાય તેવું હસવું
(૪) રસ પડવા લાગવો : સાંભળવા માંડવું / **મજા પડવી** / આનંદ થયો
(૫) બેદરકારી રાખવી : **કાળજી ન રાખવી** / ખૂબ કાળજી રાખવી / ડબલ કાળજી રાખવી
(૬) ખામી : **ભૂલ** / બીજું કામ / સજા
(૭) પરસેવે રેબઝેબ થઈ જવું : પલળી જવું / વરસાદમાં નહાવા જવું / **પરસેવાથી નહાવું**
(૮) મજાક ઉડાડવી : **ખીજવવું** / મજા કરવી / ખરાબ શબ્દો બોલવા
(૯) રિવાજ : રહેણીકરણી / પાળવા ન ગમે તેવા નિયમો / **પહેલેથી ચાલ્યું આવતું હોય તેવું**
(૧૦) ફસાવવું : આંતરવું / **મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકવું** / રોકવું

૫. વાર્તાના આધારે પાત્રને ઓળખો અને તેનું નામ લખો :

(૧) **બિલી** : મારે પણ બેનની જેમ ચૂનો લગાડતાં શીખવું છે.
**ટૉમ** : જો તું મને પતંગ આપે તો હું તને પીંછી આપું.

(૨) **જૉની** : યાર, મને પણ ચૂનો લગાવવા આપને.
**ટૉમ** : પણ તું મને લખોટી આપે તો હું તને ચૂનો લગાવવા પીંછી આપું.

(૩) **બેન** : શી વાત છે ! તને કામ કરવામાં બહુ મજા આવી રહી છે ને !
**ટૉમ** : હાસ્તો ! એટલે તો આમ મસ્ત સીટી વગાડતો વગાડતો કામ કરું છું !

(૪) **પૉલીમાસી** : તું તો લખોટીઓ લઈને આવતો હતો ને ! ક્યાં ગઈ તારી લખોટી ?
**ટૉમ** : માસી એ તો એક મસ્ત કામ કરવા માટે મેં મારા ભાઈબંધને આપી દીધી.

(૫) **ટૉમ** : આજે તો કામ કરી બહુ થાકી ગયો. સૂઈ જાઉં હવે !
**પૉલીમાસી** : તું તો ઝાડ નીચે આરામ કરતો'તો. કામ તો બેન, બિલી અને જૉનીએ કર્યું.

૬. **વાંચો અને તેમાં શું શું થવાની શક્યતા છે, તે ✓ કરો :**

(૧) વીજળીના કડાકા ભડાકા થાય છે.
(✓) વરસાદ પડશે. ( ) વરસાદ નહીં પડે.
( ) તડકો નીકળશે. ( ) આકાશમાં સફેદ વાદળ હશે.

(૨) મેં ખૂબ આઈસક્રીમ ખાધો છે.
(✓) શરદી થશે. ( ) થાક લાગશે. ( ) ઠેસ વાગશે. ( ) તાવ આવશે.

(૩) અરર... ખાંડ વેરાઈ ગઈ.
( ) લાદી પર ડાઘા પડી જશે. (✓) મમ્મી ખિજાશે.
(✓) કીડીઓ આવી જશે. ( ) ચા બગડી જશે.

(૪) સામેના ઘરમાંથી ઘણો ધુમાડો નીકળે છે.
(✓) ઘરમાં આગ લાગી હશે. ( ) ચૂલો સળગાવ્યો હશે.
( ) ચા બનાવતાં હશે. ( ) ગરમ પાણી ઢોળાયું હશે.

(૫) રમૈયા ખડખડાટ હસવા લાગ્યો.
( ) તેણે ઝાડ પર એક વાંદરો જોયો. (✓) તેણે વાંદરાને ઝાડ પર કૂદતો જોયો.
( ) તેણે ઝાડ પર દાંતિયાં કરતો વાંદરો જોયો. (✓) તેણે દાંતિયાં કરીને કૂતરાને ભગાડતો વાંદરો જોયો.

(૬) શિક્ષક વિદ્યાર્થીઓનું હોમવર્ક ચેક કરતાં હતાં.
( ) નહીં કર્યું હોય એને કઈ નહીં કરે. ( ) નહીં કર્યું હોય એને શાબાશી આપશે.
( ) નહીં કર્યું હોય તેનું તેઓ કરી આપશે.
(✓) કર્યું હશે તેને શાબાશી આપશે અને નહીં કર્યું હોય તેને શિક્ષા કરશે.

(૭) પપ્પા રોજ પાંચ વાગ્યે આવી જાય, આજે છ થઈ ગયા.

(✓) ટ્રાફિક વધુ હશે. ( ) ઘડિયાળ બગડી ગઈ હશે.

( ) રસ્તામાં મિત્ર મળી ગયા હશે. (✓) બાઈકનું ટાયર પંક્ચર થયું હશે.

૭. **આપેલાં વાક્યો વિશે બે-બે શક્યતાઓ વિચારો અને લખો :**

(૧) ટીચર રોજ સ્કૂટર લઈને આવે છે, આજ સાઈકલ લઈને આવ્યાં.

**શક્યતા - ૧** : ટીચરનું સ્કૂટર બગડ્યું હશે.

**શક્યતા - ૨** : ટીચરને સાઈકલ લઈને આવવાનું મન થયું હશે.

(૨) આજે તેના અક્ષર વંચાય તેવા નથી.

**શક્યતા - ૧** : તેણે ખૂબ ઉતાવળથી લખ્યું હશે.

**શક્યતા - ૨** : તેણે વાપરેલી પેન ખરાબ હશે.

(૩) પ્રિયાને ગણિતનો તાસ ગમતો નથી.

**શક્યતા - ૧** : પ્રિયાને ગણિત બરોબર આવડતું નથી.

**શક્યતા - ૨** : ગણિત ભણાવતા શિક્ષક બરોબર ભણાવતા નહીં હોય.